# રોજગાર અને તાલીમ



"દરેક હાથને અપાશે રોજગાર
તેના થકી થશે સમૃદ્ધ ગુજરાત"

વિશ્વના અર્થતંત્રમાં ઘણા પરિવર્તનો થઈ રહ્યા છે. આ બદલાતા અર્થતંત્રની સાથેસાથે રોજગારી માળખામાં પણ ફેરફારો જરૂરી બન્યા છે. હાલના સંજોગોમાં ખેતીને બદલે ઉદ્યોગો અને સેવાલક્ષી રોજગાર તરફ લોકો જઈ રહ્યા છે. રાષ્ટ્રીય આવકના હિસ્સામાં પણ ઉદ્યોગ અને સેવાક્ષેત્રની ટકાવારીના સંદર્ભમાં કૃષિક્ષેત્રની ટકાવારી ઘટતી જાય છે. સતત બદલાતા પ્રવાહને અનુરૂપ વર્કફોર્સ તૈયાર કરી આ પરિસ્થિતિમાં મહત્તમ લાભ લેવા માટેનું આયોજન જરૂરી બન્યુ છે. વળી, દરેક દેશને પોતાનું એક આગવું માળખું હોવા છતાં એક સામાન્ય પરિબળ 'વિશ્વવ્યાપી અર્થતંત્ર' જોવા મળે છે. આવું જ એક બીજું પરિબળ માનવ સંશાધન પણ છે. માનવ સંશાધનની પ્રાપ્યતા અને ગુણવત્તાના આધારે દેશના આંતરિક વિકાસના પરિવર્તનો જેવા કે નાણાકિય અને યાંત્રિક શક્તિ અસર પામે છે. આપણી યાંત્રિક સામર્થયનો પૂરેપૂરો ઉપયોગ કરીએ તો ઓછી પડતર કિંમત અને ઊંચી કાર્યક્ષમતા પ્રાપ્ત કરવાની વિશાળ તકો રહેલી છે. દેશ તથા રાજ્ય આ તક દ્વારા બેરોજગારીની સમસ્યા દૂર કરવાનું યોગ્ય આયોજન કરી અર્થતંત્રને મોટો વેગ આપી શકે છે.

વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી અનુસાર ગુજરાતની વસ્તી ૬.૦૩ કરોડની છે. જેમાંથી પરૂષોની વસ્તી ૩.૧૪ કરોડ છે. જ્યારે સ્ત્રીઓની વસ્તી ૨.૮૯ કરોડ છે. વર્ષ ૨૦૦૧ના વસ્તી ગણત્રીના ૨૨.૬૬ ટકાના દશકામાં વસ્તી વિકાસ દર સામે ૨૦૧૧ના દશકામાં ૧૯.૧૭ ટકાનો વસ્તી વિકાસ દર છે. જેમાં ગ્રામ્ય વસ્તી ૩.૪૬ કરોડ છે. જ્યારે શહેરી વસ્તી ૨.૫૭ કરોડ છે. જે વધીને ૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે કુલ કામદાર વર્ગ ૨.૧૨ કરોડ જેટલો થયો છે. મુખ્ય કામદારો અને સીમાંત કામદારો મળીને કામદાર વર્ગ બને છે. ટકાવારીના સંદર્ભમાં ૧૯૯૧ની વસ્તી ગણતરીમાં ગુજરાતની કુલ વસ્તીના ૪૦.૩૯ ટકા કામદારો હતા જે વધીને વર્ષ -૨૦૦૧ માં ૪૧.૯૪ ટકા થયા છે. આમ, દશકા દરમ્યાન કામદાર વસ્તીમાં ચોખ્ખો ૧.૫૫ ટકાનો વધારો થયો

છે. જેમાં પુરૂષ કામદારની વસ્તીની ટકાવારીમાં ચોખ્ખો ૧.૩૪ પોઈન્ટનો વધારો છે. જ્યારે દશકા દરમ્યાન મહિલા કામદારોની ટકાવારીમાં ૧.૫૮નો ચોખ્ખો વધારો છે. જે પુરૂષ કામદારોના ચોખ્ખા વધારા કરતાં ઊંચો છે. ૧૯૯૧ - ૨૦૦૧ દરમ્યાન ગ્રામિણ મહિલા કામદાર ભાગીદારીના દરમાં નોંધપાત્ર ૨.૪૬ ટકાનો વધારો થયેલ છે જ્યારે પરૂષોના કિસ્સામાં આ વધારો ૦.૫૦ ટકા જેટલો રહેવા પામેલ છે. કિસ્સામાં નીચેના પત્રકમાં કુલ વસ્તીના પ્રમાણમાં, જાતિવાર કુલ કામદારોની ટકાવારી દર્શાવવામાં આવેલ છે.

| કુલ ગ્રામીણ શહેરી | કુલ વસ્તીના અનુસંધાને કામ કરનારની સંખ્યાદર (કામદાર ભાગીદાર દર) | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ૨૦૦૧ | | | ૧૯૯૧ | | |
| | વ્યક્તિઓ | પરૂષો | મહિલાઓ | વ્યક્તિઓ | પરૂષો | મહિલાઓ |
| કુલ | ૪૧.૯૪ | ૫૪.૯૮ | ૨૭.૭૮ | ૪૦.૩૯ | ૫૩.૬૪ | ૨૬.૨૦ |
| ગ્રામીણ | ૪૭.૨૬ | ૫૫.૫૩ | ૩૮.૫૦ | ૪૫.૭૯ | ૫૫.૦૩ | ૩૬.૦૪ |
| શહેરી | ૩૩.૦૩ | ૫૪.૧૦ | ૯.૧૦ | ૩૦.૨૨ | ૫૧.૦૯ | ૭.૨૦ |

કામદાર વર્ગની વસ્તીનો ગુણોત્તર ૧૯૯૧માં ૪૫૬ હતો. જે ૨૦૦૧માં ૪૬૯ થયો છે, ગ્રામીણ વિસ્તારોમાં ૧૦૦૦ પુરૂષ કામદારો સામે ૬૬૪ મહિલા કામદારો છે. શહેરી વિસ્તારોમાં આ ગુણોત્તર એકદમ ઓછો, ૧૦૦૦ પુરૂષ કામદારો સામે ૧૪૮ મહિલા કામદોરોનો છે.

જીલ્લાઓમાં અમદાવાદમાં જાતિ પ્રમાણે (કામદારો)નો ગુણોત્તર સૌથી ઓછો છે. ૧૦૦૦ પુરૂષ કામદારો સામે ૨૨૬ મહિલા કામદારો છે. સૌથી ઊંચો ગુણોત્તર દાહોદમાં જોવા મળ્યો છે. જે ૧૦૦૦ કામદારોએ ૯૧૨ સ્ત્રીઓનો છે. એ દર્શાવે છે કે પછાત અને અવિકસીત તાલુકાઓમાં મહિલા કામદારોની ભાગીદારી પ્રમાણમાં વધારે છે. જ્યાં પુરૂષ કામદાર એની લઘત્તમ જરૂરિયાતોની આવક મેળવી શકતાં નથી, ત્યાં તેને મદદરૂપ થવામાં મહિલા કામદારોનું પ્રમાણ વધારે છે. અમદાવાદ જેવા શહેરમાં કે જ્યાં રોજગારીની વિશાળ તકો છે ત્યાં સ્ત્રી કામદારોની ભાગીદારી નીચી છે તે દર્શાવે છે કે જીવનનિર્વાહ ચલાવવા માટે પુરૂષ કામદારો પુરતું કમાય છે.

નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઈઝેશનના ૬૨માં રાઉન્ડ (જાન્યુઆરી-૨૦૦૫ થી ડિસેમ્બર-૨૦૦૬) મુજબ ગ્રામ્ય અને શહેરી રોજગારી નીચે મુજબ છે. દરજ્જાવાર સામાન્ય રીતે રોજગાર મેળવેલ ૧૦૦૦ વ્યક્તિના વિભાજન દીઠ.

| ગ્રામીણ/ શહેરી | પુરૂષ/સ્ત્રી વ્યક્તિઓ | મુખ્ય અને પેટા - દરજ્જો | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | સ્વરોજગાર વાળા | નિયમીત રોજગારવાળ | છુટક મજૂર | બેરોજગાર | કામ નહીં કરનાર | કુલ વ્યક્તિઓ |
| ગ્રામીણ | પુરૂષ | ૩૨૫ | ૭૫ | ૧૭૯ | ૮ | ૪૧૩ | ૧૦૦૦ |
| | સ્ત્રી | ૨૪૮ | ૭ | ૧૨૩ | ૧ | ૬૨૧ | ૧૦૦૦ |
| | વ્યક્તિઓ | ૨૮૮ | ૪૨ | ૧૫૨ | ૫ | ૫૧૩ | ૧૦૦૦ |
| શહેરી | પુરૂષ | ૨૫૪ | ૨૩૪ | ૮૯ | ૨૦ | ૪૦૩ | ૧૦૦૦ |
| | સ્ત્રી | ૫૮ | ૩૮ | ૨૯ | ૦ | ૮૭૫ | ૧૦૦૦ |
| | વ્યક્તિઓ | ૧૬૩ | ૧૪૩ | ૬૨ | ૧૧ | ૬૨૧ | ૧૦૦૦ |

ઉપરના કોઠા પરથી જોઈ શકાશે કે ગ્રામીણ વિસ્તારોમાં સ્વરોદજગારવાળા ૨૮.૮% હતા, જ્યારે શહેરી વિસ્તારમાં સ્વરોજગારવાળા ૧૬.૩% હતા. નિયમિત રોજગારવાળી વ્યક્તિઓની ટકાવારી ગ્રામીણ વિસ્તાર માટે ૪.૨% હતી, પરંતુ શહેરી વિસ્તાર માટે તે ૧૪.૩% હતી. ગ્રામીણ વિસ્તારોમાં છૂટક કામદારો ૧૫.૨% હતા અને શહેરી વિસ્તારોમા ૬.૨% હતા.

### ગુજરાતમાં ઔદ્યોગિક વર્ગીકરણ મુજબ સંગઠીત ક્ષેત્રે રોજગારી (લાખમાં)

- ૧૯૯૦માં કુલ રોજગારી ૧૬.૨૨ લાખ હતી તેની સામે ૨૦૦૦માં ૧૬.૯૦ લાખ થયેલ, એટલે કે આ દશ વર્ષમાં ૦.૬૮ લાખ રોજગારી વધેલ એટલે કે ૪.૧૯ ટકાનો વધારો થયેલ છે.
- ૨૦૦૦માં કુલ રોજગારી ૧૬.૯૦ લાખ થયેલ હતી. જેની સામે ૨૦૦૫માં ૧૬.૯૩ લાખ થયેલ છે. આમ આ પાંચ વર્ષમાં ૦.૦૩ લાખ રોજગારીમાં વધારો જોવા મળેલ છે. જેની ટકાવારી ૦.૧૮ ટકાનો વધારો થયેલ છે.
- ૨૦૦૫માં કુલ રોજગારી ૧૬.૯૩ લાખ થયેલ છે.

આમ છેલ્લા ત્રણ વર્ષમાં ૧.૪૬ લાખ રોજગારીમાં વધારો જોવા મળેલ છે. જેની ટકાવારી ૮.૬૨ ટકાનો ઘટાડો થયેલ છે.

આમ સ્પષ્ટ થાય છે કે ઔદ્યોગિક ક્ષેત્રો જેવા કે રસાયણ, પેટ્રોકેમીકલ્સ, રીફાઈનરી, રીટેઈલ, ફાઈનાન્સ અને ઈન્સ્યોરન્સ વગેરે ક્ષેત્રે મુડીકૃત રોકાણો થવાને કારણે છેલ્લા ત્રણ વર્ષમાં રોજગારી વધારા તરફ છે. ઉપરોક્ત. ગ્રોક ને સરકાર દ્વારા યોગ્ય નીતિના વપરાશકારો તથા જ્ઞાન

આધારીત ઉદ્યોગો જેવા કે ઈન્ફોટેક ઉદ્યોગ, એવા ક્ષેત્રના વિકાસ કે જેમાં રોજગારીની ક્ષમતા છે તે દ્વારા ઉલ્ટો કરવો જરૂરી છે.

નાના  પાયાના ઉદ્યોગોની ટેકનોલોજીને ઉચ્ચ કક્ષાની બનાવી તેમને વધુ સક્ષમ બનાવવા કે જેથી ઉત્પન્ન થયેલ રોજગારી જળવાઈ શકે અને હરીફાઈનો સામનો સક્ષમતાથી કરી શકાય.

## ગુજરાતમાં સંગઠીત ક્ષેત્રોમાં રોજગારી માટે જાહેર અને ખાનગી ક્ષેત્રનો ફાળો

૨૦૦૮ દરમ્યાન સંગઠીત ક્ષેત્રોમાં ૧૮.૩૯ લાખ રોજગારી હતી તે પૈકી જાહેર ક્ષેત્રનો હિસ્સો ૭.૮૬ લાખ (એટલે કે ૪૨.૭૪ ટકા) જ્યારે ખાનગી ક્ષેત્રનો હિસ્સો ૧૦.૫૩ લાખ (૫૭.૨૭ ટકા) હતો. સંગઠીત ક્ષેત્રની રોજગારીમાં જાહેર ક્ષેત્રના રોજગારનો ફાળો ૧૯૯૧ની શરૂઆતમાં ટોચ ઉપર પહોંચ્યો હતો, પરંતુ તા. ૩૧/૩/૨૦૦૮ની સ્થિતિએ૪૩ ટકા સુધી નીચે ગયો છે. તે જ રીતે ખાનગી ક્ષેત્રનો ફાળો નોંધપાત્ર રીતે વધી ગયો છે. અને ૨૦૦૮માં ૫૭ ટકા આસપાસ પહોંચ્યો છે. આમ, એ સ્પષ્ટ છે કે જાહેર ક્ષેત્ર હવે સંગઠીત ક્ષેત્રમાં કોઈ વધારાની રોજગારી પુરી પાડતુ નથી. જાહેર ક્ષેત્રના રોજગારના આંકડા૧૯૯૬માં ૯.૫૯ લાખ, ૧૯૯૭માં ૯૫૪ લાખ, ૧૯૯૮માં ૯.૫૫ લાખ, ૧૯૯૯માં ૯.૪૯ લાખ, ૨૦૦૦માં ૮.૧૮ લાખ, ૨૦૦૫માં ૮.૩૨ લાખ, ૨૦૦૬માં ૮.૨૪ લાખ, ૨૦૦૭માં ૭.૯૬ લાખ, ૨૦૦૮માં ૭.૮૬ લાખ સરકારી અથવા જાહેરક્ષેત્રમાં ખૂબ જ ઓછા પ્રમાણમાં ભરતી થાય છે.

રોજગાર બજાર માહિતીમાં અપુરતા કવરેજના મર્યાદા નડી છે. જાહેરક્ષેત્રના તમામ એકમોમાંથી અને ખાનગીક્ષેત્રના બીનખેતીલાયક એકમો કે જેઓ ૨૫ થી વધારે કામદારોને કામે રાખે છે તેઓની પાસેથી માહિતી/આંકડાઓ સી.એન.વી. એક્ટ-૧૯૫૯ની જોગવાઈ નીચે ફરજીયાત મંગાવવામાં આવે છે. જ્યારે ખાનગીક્ષેત્રમાં ૧૦ થી ૨૪ કામદારો ધરાવતા બીનખેતીલાયક એકમોમાંથી આ માહિતી/આંકડા સ્વૈચ્છિક (મરજીયાત) રીતે મંગાવવામાં આવે છે.

## શિક્ષિત બેરોજગારો

રોજગાર વિનિમય કચેરીઓના ઉપલબ્ધ આંકડા દર્શાવે છે કે સંખ્યાબંધ શિક્ષિત બેરોજગારો વ્યવસાયિક કુશળતા ધરાવતા હોતા નથી. આ વિરોધાભાસ વર્તમાન શિક્ષણ તરાહને પુન:ગઠિત કરવાનો રાજ્યને નિર્દેશ કરે છે.

| લાઈવ રજીસ્ટર પર શિક્ષિત રોજગાર વાંચ્છુની સંખ્યા | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | પ્રકાર | ૧૯૯૦ | ૧૯૯૭ | ૨૦૦૨ | ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ | ૨૦૦૭ | ૨૦૦૮ | ૨૦૦૯ |
| ૧ | એસ.એસ.સી. અને પૂર્વ સ્નાતક | ૫૧૩ | ૫૩૦ | ૬૫૦ | ૫૯૫ | ૫૫૧ | ૫૦૫ | ૪૫૯ | ૪૫૦ | ૪૬૨ |
| ૨ | ડિપ્લોમા ધરાવનાર | ૯ | ૧૧ | ૨૩ | ૨૪ | ૨૪ | ૨૨ | ૨૨ | ૨૩ | ૨૩ |
| ૩ | વિનિયન, વિજ્ઞાન વાણિજ્ય અને કાયદા વગેરેના સ્નાતકો અને અનુસ્નાતકો | ૬૨ | ૯૯ | ૧૯૪ | ૧૯૩ | ૧૯૦ | ૧૮૮ | ૧૯૯ | ૨૩૩ | ૨૬૧ |
| ૪ | ટેકનીકલ અને વ્યાવસાયિક વિષયમાં સ્નાતકો અને અનુસ્નાતકો | ૪ | ૪ | ૮ | ૯ | ૯ | ૯ | ૯ | ૯ | ૯ |
| ૫ | શિક્ષિતો-સરવાળો | ૫૮૮ | ૬૪૪ | ૮૭૫ | ૮૨૧ | ૭૭૪ | ૭૨૪ | ૬૮૯ | ૭૧૫ | ૭૫૫ |
| ૬ | એસ.એસ.સી. નીચેના અને નિરિક્ષરો | ૩૬૬ | ૨૮૧ | ૧૯૫ | ૧૪૩ | ૧૨૬ | ૧૦૬ | ૮૯ | ૭૭ | ૭૦ |
| ૭ | એકંદરે સરવાળો | ૯૫૪ | ૯૨૫ | ૧૦૭૦ | ૯૬૪ | ૯૦૦ | ૮૩૦ | ૭૭૮ | ૭૯૨ | ૮૨૫ |

ગુજરાતમાં વર્ષ ૨૦૦૯ માર્ચ અંતિત ૭.૫૫ લાખ જેટલી મોટી સંખ્યામાં શિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે. તેઓની રોજગાર ક્ષમતામાં વૃદ્ધિ કરવા માટે કુશળતામાં વધારો કરવો જરૂરી છે. અને તેથી કૌશલ્ય ઘડતર તથા વિવિધલક્ષી કુશળતા માટે રાજ્ય સરકારે ખાસ અગ્રતા આપેલ છે. અને વ્યવસાયીક અને ધંધાકીય તાલીમની બેઠકોમાં તબક્કાવાર વધારો, શિક્ષણ કાર્યક્રમમાં સ્વનિર્ભર સંસ્થાઓને પ્રોત્સાહિત કરવાની સાથે વિવિધલક્ષી કુશળતા માટેના ટુંકાગાળાના અભ્યાસક્રમો, રોજગાર અને તાલીમ ખાતા દ્વારા અમલમાં મુકવામાં આવેલ છે.

ભારત સરકારના શ્રમ મંત્રાલયના રોજગાર વિનિમય કચેરીઓ અંગેનો વાર્ષિક અહેવાલ મુજબ ગુજરાત રાજ્ય સતત વર્ષ ૨૦૦૨ થી ૨૦૦૮ સુધીના છેલ્લા સાત વર્ષથી રોજગાર વિનિમય કચેરીઓ દ્વારા રોજગાર પૂરો પાડવાની બાબતમાં સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન મેળવેલ છે.

## સ્થાનિકોને રોજગારી પુરી પાડવા માટે નવી રોજગાર નીતિ (૧૯૯૫)

નવી રોજગાર નીતિ ૧/૪/૧૯૯૫થી અમલી બનેલ છે. આ નીતિ અનુસાર રાજ્યના તમામ ઉદ્યોગોમાં લઘુત્તમ ૮૫ ટકા કામદાર કક્ષામાં અને લઘુત્તમ ૬૦ ટકા જગ્યાઓ વ્યવસ્થાપક અને અન્વેષક કક્ષાની જગ્યાઓમાં સ્થાનિક માણસો રાખવા જરૂરી છે. આ નીતિ જાહેર ક્ષેત્રના એકમો અને ખાનગી ક્ષેત્રના ઔદ્યોગિક એકમો માટે શરૂથી અમલી બનાવેલ છે.

## વાર્ષિક યોજના ૨૦૦૯-૧૦ના વર્ષમાં રોજગાર નિર્માણ

વાર્ષિક વિકાસ યોજના રાજ્ય અને કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ દ્વારા રોજગાર નિર્માણને ટોચ અગ્રતા આપે છે. ગુજરાત સરકારે ઔદ્યોગિક વિકાસને ટોચ અગ્રતા આપી છે અને તેમ કરીને શહેરી તેમજ ગ્રામીણ બંને વિસ્તારોમાં યુવકો માટે વધારાના રોજગારનું નિર્માણ કરેલ છે.

કૃષિ, પશુપાલન, ડેરી વિકાસ, ગ્રામ અને નાના ઉદ્યોગો અને સંલગ્ન પ્રવૃત્તિઓ સ્વરોજગાર યોજનાઓ પર ભાર મૂકવામાં આવે છે. કૃષિ આધારીત ગ્રામ ઉદ્યોગો પર ખાસ ભાર મૂકીને અધિકતમ રોજગાર ઊભો કરવા ઉચ્ચ અગ્રતા આપવામાં આવી છે. હકીકતમાં આ ક્ષેત્રમાં ગુજરાતે નોંધપાત્ર પ્રગતિ હાંસલ કરી છે.

સરદાર સરોવર પરિયોજના ગુજરાતની જીવાદોરી છે. આ પરિયોજનાનો અમલ સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા થાય છે. ગુજરાતના કૃષિલક્ષી અર્થતંત્રની કાયાપલટને કારણે, પરિયોજનાના ઝડપી અને સંપૂર્ણઅમલથી વધુ રોજગારોનું નિર્માણ થશે.

માર્ચ – ૨૦૦૯ અંતિત ચાલુ રજીસ્ટર ઉપર ૮,૨૪,૭૬૯ રોજગાર વાંચ્છુ હતા. ચાલુ રજીસ્ટર પર કુશળ અને અર્ધકુશળ ૯૧.૫૧% વ્યક્તિઓ હતી. રાજ્યએ ઔદ્યોગિક અને લશ્કરી ભરતી મેળા અને રોજગાર કેન્દ્રોના સાધનો દ્વારા ખાનગી સેકટરમાં તેઓને માટે રોજગારમેળવી આપવાના નવા પ્રયાસો કર્યા છે. રાજ્યની રોજગાર કચેરીએ એપ્રિલ – ૦૮ થી માર્ચ – ૦૯ સુધીમાં ૧,૬૨,૭૭૧ નોકરીઓ આપવામાં મદદ કરેલ છે.

વાઈબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૯માં ઉદ્યોગકારો સાથે એમ.ઓ.યુ. કરીને ગુજરાતમાં ઉદ્યોગો સ્થાપવા માટે પ્રોત્સાહિત કરવાના કારણે આવતા વર્ષોમાં અંદાજે ૨૫ લાખ લોકોને નવી રોજગારીની તકોનું નિર્માણ થવાની શક્યતા છે.

ગુજરાત ઝડપી આર્થિક વિકાસમાં સમગ્ર દેશમાં મોખરે રહેવાની સાથે ઝડપથી વૃદ્ધિ પામતાં ઔદ્યોગિક સેવા ક્ષેત્રના વિકાસને ધ્યાનમાં રાખીને કેમીકલ, રસાયણો, બંદરો, માળખાકીય સુવિધા, ઈજનેરી, ટેક્ષટાઈલ, માહિતી પ્રૌદ્યોગિકી, ઓટોમોબાઈલ્સ અને અન્ય ક્ષેત્રોને ધ્યાને રાખી રાજ્યમાં ૧૬૫ સરકારી આઈ.ટી.આઈ., ૧૦૬ ગ્રાંટ ઈન એઈડ આઈ.ટી.આઈ. અને ૩૦૩ સેલ્ફ ફાઈનાન્સ આઈ.ટી.આઈ.માં જુદા જુદા ૧૫૭ ટ્રેડમાં કુલ ૯૬૯૯૮ તાલીમાર્થીઓને તાલીમ આપી રેહેલ છે.

વર્ષ ૨૦૦૫-૦૬ થી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના 'સેન્ટર ઓફ એક્સ્લન્સ' તળે અપગ્રેડ કરવાની કેન્દ્રિય પુરસ્કૃત યોજનાના સફળતાપૂર્વક અમલમાં શ્રેષ્ઠ દેખાવને કારણે ૩૭ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને સેન્ટર ઓફ એકસલન્સ યોજનાનો સફળતાપૂર્વક અમલ કરવામાં આવેલ છે અને અન્ય રાજ્યો તેને આદર્શ તરીકે અનુસરે છે.

ઔદ્યોગિક અને સેવા ક્ષેત્રોના ઝડપી વિકાસના પગલે ટૂંકાગાળાના અભ્યાસક્રમો લોકોને ઉદ્યોગોમાં રોજગારી પૂરી પાડવામાં લોકપ્રિય. બન્યા છે. જે લોકો યોગ્ય કક્ષાનો અભ્યાસ પૂર્ણ કરી શકેલ નથી તેમના માટે ટૂંકાગાળાના અભ્યાસક્રમો ચલાવવાથી રોજગારલક્ષી કૌશલ્ય રોજગારી પૂરી પાટવામાં અથવા પોતનો ધંધો કે વ્યવસાય શરૂ કરવામાં લાભદાયક બનેલ છે. અને તેથી કુલ ૧૦,૦૦૦ બેઠકોને ક્ષમતા સાથે ટૂંકાગાળાના અભ્યાસક્રમની ૧૦૦૦ બેચો જુદી જુદી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં ચલાવવાનું આયોજન છે.